શ્રી નવીન

# અશ્રુમતી

## નાટકનાં ગાયનો.

ધી દેશી નાટક સમાજ માટે

રચનાર,

મુંબઈ [illegible] શંકર. [illegible]ભાઈ ધોળશાજી ઝવેરી.

પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી ચંદુલાલ [illegible]સુખરામ ધોળશાજી.

હાલ મુકામ-શાન્તિભુવન થીએટરમાં-અમદાવાદ

અમદાવાદ.

રીચીરોડ ઉપર ધી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં

પા. ભીખાભાઈ છગનલાલે છાપ્યાં.

કીંમત રૂ. ૦-૩-૦.

શ્રી નવીન

# અશ્રુમતી નાટકનાં ગાયનો.

સ્વર્ગસ્થ સાક્ષર ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી આશ્રીત

## શ્રી દેશી નાટક સમાજ માટે.

રચનાર,

મરહુમ સાક્ષર શ્રી ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી.

છપાવી પ્રસિદ્ધ

ઝવેરી ચંદુલાલ દલસુ[illegible]શાજી.

હાલ મુકામ—શાન્તિભુવન થીએટરમાં—અમદાવાદ.



આવૃત્તિ ૧૭ મી      પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૭૫      સને ૧૯૧૯.

કીંમત રૂ. ૦-૩-૦.

# अश्रुमती

## નાટકનો પ્રવેશવાર સંક્ષેપમાં સાર.

### અંક ૧ લો.

૧—પ્રતાપ અને તેના ... ભાઇ શુક્તસીંહ શિકારમાં. એની તકરાર; રાજ્યગુરૂનું વચમાં પડવું, ક્રોધથી રાજ્યગુરૂ શ્રાપ દઇ આપઘાત કરે છે. પ્રતાપ નાના ભાઇને દેશવટો દે છે. નાનો ભાઇ શુક્તસીંહ બદલો લેવાની ધમકી આપી નીકળી જાય છે.

પ્રતાપ અને ... ...ન અંબરનો રાજા અને અકબરનો ...ળો માનસિંહ મેમાન તરીકે આવનાર છે એમ જાહેર કરે છે, પ્રતાપ રાણા મુસલમાનને કન્યા દઈ વટલેલ રજપુતની ...રભરામાં રહેવાનું નાકબુલ કરી અમર કુમારને માનસિંહની ...રભરામાં રહેવા કહે છે, કુમાર આનાકાની કરે છે; પ્રતાપસિંહ પરાણે મોકલે છે.

-માનસિંહ તથા અમર કુમાર વચ્ચે તકરાર. પ્રતાપ કુમાર સાથે સામેલ રહી માનસિંહનો તિરસ્કાર કરે છે.

...—રાણી અને પ્રતાપ, મુગલ લશ્કર આવ્યાની ખબર, કુંવરી અશ્રુમતિને ભિલ્લરાજ પાસે મોકલી દેવાનો હુકમ, કુંવરની યુદ્ધમાં વિદાયગિરી.

૫—અશ્રુમતિ તથા તેની સાહેલી મલીના અને બીજી સખીઓ હાસ્ય વિનોદમાં. દાસી ભિલ્લરાજ પાસે જવાનો હુકમ લાવે છે; એટલામાં શાહજાદો સલીમ શિકારે નીકળે એમ બુમ પડે છે. મલીના નાશી જાય છે. અશ્રુમતી સલીમનો મેળાપ.

૬—યુદ્ધ, પ્રતાપ કેદી, શુક્તસિંહ બદલો લેવા નીકળે છે, વિકાનેરના રાજકુમાર કવીરાજ પૃથિરાજ વારે છે.

૭—પ્રતાપ કેદખાનામાં, શુક્તસિંહ . બદલી સિપાઇને સમજાવી પાસે જાય છે; પોતે ભાઇને ઠેકાણે કેદી થઇ ભાઇનો જીવ બચાવે છે.

---

## અંક ૨ જો

૧—જંગલમાં રાણી, ભિલ્લરાજ ... લાવે છે. મા અને ભાઇબેનનો મેળાપ. રજપુતોં હાર્યાની ખબર, રાણી રાંને ઉંઘાડી આપઘાત કરવાની તૈયારી કરે છે, પ્રતાપ અચાનક આવી બચાવે છે. ફરીદખાં નામે સલીમના સીપાઇઓ સાથે આવી કુંવરી કુંવરને ઉંઘતાં ઉપાડી રાજા અને રાણી કુંવરી કુંવરના ખોળમાં.

૨—કાણીઓ દરજી અને દરજાણ, દરજાણને જમાલખાં સીપ જાય છે.

૩—ફરીદ, માનસિંહને કુંવરી કુંવર બતાવી ફુલાય છે. સિંહની ખુશાલી, માનસિંહ અશ્રુમતીને ફરીદ સાથે પરણ પ્રતાપનું નાક કાપવું ધારે છે. બાળકો ચમકી ઉઠે છે. અમર કુમારને કેદ કરી માનસિંહ પાસે મોકલાવે છે.

મતીને પ્રેમ જાહેર કરે છે. સલીમ આવી પહોંચે છે, માનસિંહને બોલાવી તપાસ શરૂ કરે છે. અકબરશાહનો એવો હુકમ છે, એમ માનસિંહ જાહેર કરે છે. સલીમ અશ્રુમતીની સારવાર કરવાનું કામ પોતે માથે લે છે અને દરજણને હિંદુ જાણી અશ્રુમતીની ખીજમતમાં રાખે છે.

૪—જંગલમાં બેહાલ હાલતમાં પ્રતાપ, રાણી અને નાના કુંવરો રોટલાની ખેંચાખેંચ. દેશ છોડી જવાનો વિચાર. ભામાશાહ અને શુરવીરોનું આવી પહોંચવું. ભામાશાહ પોતાની બાર-વરસ સુધી પચીસ હજાર માણસનું ભરણ પોષણ થાય એટલી દોલત અર્પણ કરે છે. પૃથિરાજનો હિમ્મત ન હારવાનો પત્ર મળે છે. નશીબની વિચિત્રતા.

૫—ફરીદ ચંદ્રકુમારને લશ્કર સંબંધી બાતમી મેળવવા પુછે છે. કુમાર ઠગાવે છે. ફસલ

૬—દરજી, મીયાં જમાલ, દરજી બંધાય છે; યુક્તિ રચી જમાલને હાથે છુટો થાય છે, સીપાઈ અને અમલદારની મારામાર. બેની લડાઈમાં ત્રીજાનું ફાવવું. પરનારી યારનાં મ્હોં કાળાં.

૭—ફરીયાદનો પોતે અશ્રુમતી પરણે એટલા સારૂ રચેલો ફરેબ. અશ્રુમતી દગાખોર છે એમ ઠસાવી સલીમ અને અશ્રુમતી વચ્ચે અણબનાવ કરાવવાની પેરવી. પૃથિરાજની અશ્રુમતી છુટી કરવા માગણી. સલીમનો વધતો જતો વ્હેમ. મલીના, અશ્રુમતી અને દરજણ.

૮—મલીના અને પૃથિરાજ, અશ્રુમતીને કોઈ રજપુત વેરે પરણાવી દઈ સલીમ સાથેનો સંબંધ તોડવાનો વિચાર.

૯—શુક્તસિંહ અને પૃથિરાજ અશ્રુમતીને પરણાવી દેવાની પેરવીમાં શુક્તસિંહ આનાકાનીએ પૃથિરાજને અશ્રુમતી મળવાની હા પડાવે છે, ફરીદની ઉંધી સલાહ.

૧૦—માનસિંહ અને અમર કુમાર, અમર કુમાર પાસે સલીમને અશ્રુમતીનું કન્યાદાન દેવડાવી પ્રતાપનું નાક કાપવાનો ઠરાવ. છેવટે અમરની આંખો ફેડીને પણ એ વિચાર અમલમાં લાવવાની યોજના, માનસિંહને [illegible]સિંહને હાથે સજા. અમરને જોગી વેશે નસાડવો.

૧૧—બાદશાહ અકબરની કચેરી, અક[illegible]રશાહની દાનાઈ.

## અંક ૩ જો.

૧—અશ્રુમતી, પૃથિરાજનું રૂપ જો[illegible] ચકિત થવું પ્રતાપરાણાના સમાચાર કહેવા; સલીમ આ[illegible] [illegible]ંચે છે. વ્હેમ; પૃથિરાજને કેદ.

૨—દરજી, દરજાણ; કમાલ તથા જમાલ, દરજાણને ફરી લઇ જાય છે.

૩—પૃથિરાજ કેદમાં, મલીના આશાભંગ થાય છે. ફરીદ, પૃથિરાજને ફસાવા પ્રેમપત્ર અશ્રુમતી ઉપર લખાવે છે, દરજાણ મારફતે મોકલવા સુચના કરે છે.

૪—શુક્તસિંહ, અશ્રુમતીને સલીમ સાથેનો સંબંધ તોડવા સમજાવે છે, કુમારીનો દૃઢ નિશ્ચય. છેવટે વાત છુપાવવાને અને લગ્ન અઠવાડીઉં રોકાવવાની કબુલાતે કુમારી શુક્તકાકાને વચન આપે છે. સલીમ લગ્ન માટે તેડવા આવે છે; કુમારી

જવાબ વાળી શકતી નથી. રોતી રોતી જતી રહે છે. ફરીદ દરજાણુને પક્ષમાં લઇ કાગળ ઉઘાડો પાડે છે અને સલીમને ભંભેરી ભુત કરે છે.

૫—જમાલ; કાણીઓ; અમર જોગી વેશે, દરજાણુ વશ કરવાનો ટુચકો અજમાવે છે. મીયાં તરવાર મારવા તૈયાર થાય છે. દરજીનું માથું વાઢી લાવવાની કબુલાત, જોગી અમરની તદબીર.

૬—દરજાણુ અને ફરીદ, વાંધો દરજાણુનો, ફરીદને ફસાવવાનો ઠરાવ.

૭—શુક્તસિંહ અને પૃથિરાજ, અશ્રુમતીને એકાએક ઉપાડી જવાની ગોઠવણ; સલીમ ને ફરીદ, અશ્રુમતી; મલીના. સલીમ અશ્રુમતીને મારે છે. ઘા છટકી જવાથી અશ્રુમતી બચી જાય છે. મલીના તથા દ[illegible] જારકે ફરીદનું પોગળ જાહેર પડે છે. સલીમ, ફરીદને મારે છે. શુક્તસિંહ અશ્રુમતીને પ્રતાપ પાસે લઇ જાય છે; અને સલીમ, મલીના તથા પૃથિરાજનો હસ્ત મેળાપ કરે છે.

૮—રાણી અને પ્રતાપ અશ્રુમતીથી મેળાપ, સલીમ સાથે પ્રેમની વાત જાહેર પડવી; અશ્રુમતીને જોગણુ બનાવે છે.

૯—દરજી, જોગી, પથારીમાં પુતળું ગોઠવવું. દરજાણુ માથું વાઢે છે, મીયાં દરજાણુનું નાક કાપે છે. કુટણી દરજાણુ મીયાને માથે દરજીને મારવાનું તહોમત મુકી પકડાવે છે.

૧૦—જોગણુ અને સલીમ; છેલ્લે છુટા છેડા. પશ્ચાત્તાપ.

૧૧—કચેરીમાં દરજાણુના મુકરદમાની તપાસ; પાપીઓને સજા. જોગી અમરની ઓળખાણુ અને મેળાપ—છેવટનો આનંદ.

# મુખ્ય પાત્રોનાં નામ.

| | |
|---|---|
| અશ્રુમતી ... ... | મેવાડના રાણા પ્રતાપની પુત્રી. |
| મલીના ... ... | તેની સાહેલી. |
| અમર ... ... ... | અશ્રુમતીનો ભાઇ. |
| પ્રતાપ... ... ... | મેવાડનો સુર્યવંશી રાણો. |
| શુક્લસિંહ ઉર્ફે સકતો— | પ્રતાપનો નાનો ભાઇ. |
| રાણી ... ... ... | પ્રતાપની રાણી. |
| રાવતકૃષ્ણ ... ... | પટાવતો. |
| ચંદ્રાવત ... ... | પટાવતો. |
| ભામાશાહ ... ... | પ્રધાન. |
| માનસિંહ ... ... | અંબરનો રાજા, અકબરનો સાળો તથા સલીમનો મામો અને મોગલોનો વિશ્વાસુ રજપુત નોકર. |
| પૃથિરાજ ... ... | વિકાનેરનો રાજકુમાર કવિ, પ્રતાપનો ભક્ત, મલીનાનો પ્રિતમ. |
| ફરીદ ... ... ... | એક વટલેલ રજપુત મુગલ ઉમરાવ. |
| જમાલ ... ... | મુગલ સિપાઇ. |
| કતલખાં ... ... | મુગલ અમલદાર. |
| કમાલ ... ... ... | મુગલ અમલદાર. |
| દરજી ... ... ... | કાણો દરજી. |
| દરજણ ... ... | પાછળીથી ફાતમા નામ ધરનાર વટલેલ દરજણ કુટણી. |
| ગંગ ... ... ... | અકબરના દરબારમાં કવિ. |

☞ રાજગુરૂ, યોદ્ધાઓ, વૈદ્ય, દાસીઓ, પ્રધાનો, વિગેરે વિગેરે.

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

श्री

# અશ્રુમતી નાટકનાં ગાયનો.

૧

સુત્રધાર— મંગળાચરણ.

હે જ્ઞાતા તું સુખકાર—છે જગપતિ ગતિ અપાર
નવ પ્રાણી પામે પાર—હે૦—
વિશ્વરંગ ભૂમી પર સ્વામી, સુત્રધારની પદવી પામી,
જનનટ નચાવી, થનગન થનગન;
કરતા જયજયકાર—
બ્રહ્મ કહો બુદ્ધ કહો, રામ કે રહેમાન કહો
શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, શાન્તિનાથ ચિત્ત રહો.

નટી— ૨

ધન્ય! ધન્ય! શુરવીર નરવર તે પ્રતાપ
રાખી ટેક અને નેક દાખવ્યો પુરો પ્રતાપ—ધ૦
ભરતભુમિ શીરમણી કુળ તણી લાજ ધરી—ધ૦
જાત સુખ જેણે તજી રાખ્યાં રૂડાં નામ;
પર ઉપગારી પુરૂષને લાખોવાર પ્રણામ—ધ૦
રાજકાજ, ને સમાજ, લોક લાજ સુખસાજ;
જાણી દિલ્લ દેશદાઝ ધર્મ કાજ કીધાં ત્યાજ;
સહ્યા સંતાપ, રાણા પ્રતાપ, જય! જય! જય—ધ૦

પ્રતાપ— ૩

જા સુખે બદલો લેજે, કરવાનું ભલે કરી લેજેરે—જા૦
શુકત–બહુ ગર્વ ધરી શું બોલે ગર્વે ગર્ધવની તોલેરે—બહુ૦
પ્રતાપ–ભાળી કુતરા ઘણા ભસંતા, હાથી નાસી જાશે;
ક્યાં ગજરાજા ને ક્યાં ચાંચણુ, સેહેજે ચોળાઈ જાશે—જા૦

શુકત—
ચાંચણુ કાનેથી પેશીને હાથી નાંખે ઉંધો;
ગળ્યો ગર્વ રાજા રાવણનો સમજણ મારગ સુધો—

પ્રતાપ–બસ..........ચુપ..........જા૦

અમર— ૪

ના ના નહિ નહિ જાશું, બાપુ ઉંચ પ્રસંગે નીચ ન થાશું.
પ્રતાપ–હઠ તજી દે કુમાર–વિશેષ મુકી વિચાર–નાના૦
અમર–કાજળની કાળાશ લાગતાં, ધોળુ છતાં પણ કાળુ બને;
પ્રતાપ–ધારી ધર્મ મેમાન તરફનો જીવ કચવાતાં જાવું પડે;
ઝટપટ જા જા.

અમર–...............ખાલી ફાં ફાં.

પ્રતાપ...............ગાંડો ના થા, જા જા જા. ના જા.

અમર— ૫

જેણે ધર્મ તજ્યો પોતાનો તે મુર્ખ વગર જોટાનોરે—
પરમ ધરમ તણા મરમને મુકી દઈ, વગર વિચારે વટલાય
અરે એ લાભે ઉંઠો લ્હાય—તે મુર્ખ૦
એક ટેક શીરસાટે, મુકવો તે શાને માટે, પામર પુરૂષ પલટાય
અરે નરભવમે હારી જાય—તે મુર્ખ૦

અમર-પ્રતાપ-- ૬

ચુપ ચુપરે ચંડાળ કહી વળે શું કંગાળ.

માન—કાગડાઓ કોઈ કાળ હંસના નથી થનાર,

બન્ને--સાચા ક્ષત્રી સિંહબાળ, થાય શું કદી શીયાળ;

માન—કાપો છે બેઠાની ડાળ સિંહ સામે ભરી ફાળ,

બન્ને--ઓ મુગલ ગુલામ, મ્હોઢે કર લગામ;

માન—નથી સાર

બન્ને--................જા ગમાર

માન—.....................થાશો ઠાર

બન્ને.........................૬૦--ચુપ૦

રાણી-- ૭

રસીયા સફળ સંસાર કરીસેં આનંદે અપાર મારા હૈયાકેરા હાર

વસીયા હૃદયમાં વ્હાલાજી સુખે કેળવો સંસાર--મારા
કોડીલા ભરથાર.

પ્રતાપ--વ્હાલી છે સંસાર અસાર-

દુ:ખીને દુ:ખમાં ના શોભે શાણી રાગને રંગ

પ્રિયા આ છે જુદો પ્રસંગ--

રાણી--ભોજન કરોને ભાવતાં વળી પ્રેમ આલિંગન,

જાવું નાથજી જોબન--

મિઠી સુગંધી ગુલાબની જે સુંધી તેજ સાર

પળમાં થશે ખુવાર--

પ્રતાપ— ૮

નથી સુખ સુંદરી સદાકાળ કોઈનું નચ્યું અને નચનાર,

ચઢી દશાના ચાકડે પ્રાણી માત્ર છે પાછા ભુમી પડનાર—
ખીલ્યું જે ખુબ દીસે એકદી ખરનાર ખરે;
ધર્યો છે જન્મ જેણે ક્યાં દશાથી નાશીને ફરે—નથી૦
રાતો રવિ રંગે રહે ઉગતાને અસ્ત થતાં,
સદા સમભાવ રાખી સજ્જનો ચિત્ત રાચી રહેતા—નથી૦

રાણી—                    ૯

શુરવીર બનજે તું બાપુ રણમાં

અમર—માતુ લગીર ડરીશ નહિ મનમાં—
રમણ ભમણ કરૂં, દિલમાં ન જરી ડરૂં,
ઠાર દુશમન કરૂં, માજી ક્ષણમાં—માતુ૦
સિંહણીનું સ્તનપાન દીપાવવાનો દીન આ,
જનમ સફળ કરવાનો છે સમય આ—માતુ૦

રાણી—બહાદુર બેટાને અરપણ રણમાળ આ,
જાળવજો પ્રાણાધાર ! મારૂં તનો ધન આ.

અમર—હાર એક રાખે ટેક અને નેક.

રાણી—હે દયાળ ! મારા બાળને સંભાળ-બચ્ચુ૦-શુરવીર૦

અશ્રુમતી-સાહેલીઓ—    ૧૦

શું નટવર વસંત થેઈ થેઈ નાચી રહ્યો,
નાચી રહ્યો જગ નચાવી રહ્યો-શું૦
કોયલ મધુર મુરલી બની, છેડે નટવર કાન;
વિરહ ઘેલી ગોપી ગણું, તજી નિકળી અભિમાન;
રસિઆ વિનાની બની બાળાઓ બ્હાવરી,
વેણું વસંત ચિત્ત વિંધિ ગયો-શું૦

શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ,
જાણું રાધા કૃષ્ણજી રાસ રમે છે ખાસ;
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકેરે,
મહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે—શું.
નવ પલ્લવ વાઘો ધરી, પચરંગી શીર પાઘ;
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહાભાગ્ય;
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં,
પ્રીતિ ગુલાલ લાલ છાઈ ગયો—શું.

## સાહેલી-અશ્રુમતી— ૧૧

જપતી પ્રીતમની જંપમાળ, જુવતી જો અલબેલી.
જોબન રસ રંગે જોની આ બની ઘેલી,
વ્યાકુળ વૃક્ષના વિણુ વ્હાલી વેલી—
તન મનમાં વ્યાપી રહ્યો જોબન વસંત જંગ;
રસભોગી-રસીઆ વીના રમશો ક્યાં રસ રંગ ?
જાણ્યું ન જડીઓ કોઈ રસીઓ રંગીલો,
ચપ ચપ કરતી લેતી જા તું ચળેલી—વ્યા.
પેટ દુખે શીર કુટતાં, સંકટ આ ન સમાય;
બળતાને બાળા સખી, હૈડે શું હરખાય;
આહા ! અકળાએ શાને છેલ છબીલી—વ્યા૦

## સલીમ— ૧૨

ચિત્ત ચોરી ઓ ચાલી, ચાલીએ.
ચટક છટકતી ચાલ ચાલતી, શરમાતી જાતી મદમાતી;

જરી ગભરાતી ને શંકાતી, પ્રમદા મંડળમાં પંકાતી.
ચપળ ચક્ષુથી અમૃત પાતી, મદન તણા ગુણ ગાતી ગાતી;
" જતીજ રહી "—ચિત્ત૦

**પ્રતાપ—** ૧૩

પ્રભુ દશા તું પ્રાણીને શીશી બતાવે-બહુ બહુ નચાવે,
નરનાથને પળવારમાં તું ભીખ મગાવે-બહુ બહુ રીબાવે.
કમળ કોષમાં કેદ પુરાયો જોષ જુઓ ભમરો ધરી આશા,
સુર્ય ઉદય થશે બંધન છુટશે, રંગે રમીશું થઈ મદમાતા;
હા ગઇ આશા-હા-જુઓ દશા,
કમળ નાળને છેદીને છુંદતો હાથી ઝડપથી હા-

**પ્રતાપ—** ૧૪

ઓ ભાઈ ભાઈ કીધી નવાઇ-ઓ૦

**શુક્ત**—બજાવ્યો મેં ભાઈ ભાઈનો ધર્મ,
**પ્રતાપ**—આ છે સગાઇનો પરમ મર્મ-ઓ૦
બદલો ખરેખર તેં લીધો
ડંકો તે દેશમાંહી દીધો—ઓ૦

## અંક બીજો

**રાણી—** ૧૫

મનમોહન ક્યાં મળે હાં મન મોહનરે—
મનહરલાલા ગુણમણિ માળા,
લાગી રડી રાત દીવસ ભનક ભનકરે
તન વિરહતાપ થકી તણુખ તણુખરે--મન૦

નયનની શી છટા મદનની એ લતા,

ચિત્ત થયું ચતુર કાજ ચમક ચમકરે--મન૦

રાણી— ૧૬

હાંહાં ગયા, ગયા, પ્યારા મારા.

જીવી જીવીને હું શું કરૂં, રીબીને રીબીને ખાલી મરૂં;

મ્હોતથી મ્હોતથી ના ના ડરૂં, ખુશીથી અરપણુ જીવ કરૂં.

જીવતજી જીવજાન પાસે જઉં, સ્નેહ સલુણાનું નામ સ્મરૂં હું;

પ્રેમ પામે ગણુતીમાં બીજું શું, જીવ જજે ત્યાં વ્હાલા વસે જ્યાં;

પ્રતાપ--હાંહાં વ્હાલા વ્હેલી થતીમાં.

પ્રાણુ પ્રિયા તુજ સેવામાંહી હાજર ઉભો હે મનહરણી;

રાણી--અહાહા અહાહો મધુરી વાણી કયાંથી પાછી શ્રવણે પડતી.

પ્રતાપ--પ્રાણુ પ્રિયા-

રાણી--હાં રસીયા

બન્ને--પ્રભુ મ્હેરે ફરી મળીઆં--હાં હાં.

રાણી— ૧૭

આશ ગઈ પ્રિય પ્રાણુ હવે શું કાયા નભનારી,

વચ્છ વિખુટી ગાય અરેરે, ઝુરી ઝુરી મરનારી-આશ.

બાળક મારા ટળવળી મરશે, લાડકવાયાં હાય શું કરશે ?

કોણુ મનોરથ પુરણુ કરશે, શુખ શુખ હરનારી-

પ્રતાપ--રડતી રહેને પ્રાણુથી પ્યારી, બાળક લાવું હજુર તારી;

ધીરજ રણુધીરા રજપુતની સંકટમાંહી ન હઠનારી;

**રાણી**--જાઓને વ્હાલા લાવોને વ્હેલા;
ખોળા હું પાથરી, માગું પાયે પડી;
લાવોની લાવોની લાડકાં લાલ,
**પ્રતાપ**--લાવું છું લાવું છું જો તતકાળ-આશ.

**જમાલ**— ૧૮
ક્યા ખુદ બે ખુદ હે પરી,
**કાણીઓ**--" તેરે બાપકી હે "
**જમાલ**—અયે નાગની.
**કાણી**—" હા છે નાગની કાટેગી—ક્યાં૦
**જમાલ**—મશહુર ખડી હે હુર,
**કાણી**—બેશ બકબક કરતા બુડ;
**જમાલ**—મ્હોબત કરનાર મજુર. ક્યાં૦
**કાણા**—"દુર હઠ રે મીયાં મજુર,
**જમાલ**—ચુપ કર કાના લંગુર;
**કાણી**—" બુલ્યો ભાઇસાબ, મારશો નહિ"-રાંડ ખશી જાને-

**અમર-અશ્રુ**— ૧૯
અરર અરર અરર અરર આવી ચઢયાં હાય ક્યાંય—
મ્હેલ આપણો આ ન્હોય, દેશ આપણો ન હોય.
સાથી સંબંધી ન કોય—અરર૦
કાળ આ ઉભો છે કોણ, દૈત્યનો દીસે છે ડોળ;
**ફરીદ**—" ડર નહિ મારા જાન, તમે મારા જીગરના હીરા
માણેક છો. અ૦

બન્ને—દુર ક્રુર પાપી કોળ—અરર૦

૨૦

અશ્રુ—દેખ્યા ભાઈ દુઃખના દા'ડા હો—દેખ્યા૦
બન્ને—માતાના ખોળે હતાં સુખેથી માલતાં,
અમર—લખ્યા આવા દુઃખના દા'ડા બેન—લખ્યા૦
નશીબના ચકડોળે ચડીને નાચતાં
અશ્રુ—સાથે રમ્યાં સાથે જમ્યાં, સાથે હર્યાં સાથે ફર્યાં;
અમર—આવી અચાનક આપદા, કરમે કુડાં જુદાં કર્યાં-
કરમે લખી જુદાઇ તે સંજોગ શી રીતે બને.
અશ્રુ—સુતાં હતાં સુખ સેજમાં તે આજ અધવચ ટળવળે,
અમર—જમતાં હતાં ઘી ખાંડથી તે આજ ભુખે અડબડે;
અશ્રુ—ચર્ણે જડેલાં જ્યાં કડાં ત્યાં આજ બેડી ખડખડે-

૨૧

સલીમ—આવો કુમકુમને પગલે,
અશ્રુ—આવીજી ડગલે ડગલે;
સલીમ—સુખ શાન્તિ વ્યાપી સઘળે,
ફરીદ—રોઉં હું ઢગલે ઢગલે—આવો૦
સલીમ—બ્હીશો નહિ જરીએ બાળા,
ફરીદ—વાહ ! શા ચલવે છે ચાળા—આ૦
અશ્રુ—પારસમણી પડખે પેઠી, બીક સઘળી હેઠી બેઠી;
ફરીદ—ચીર્યું જો જો ચંડાળે, ભોગવીયું આ ભુપાળે;
મુકું હું હાથ કપાળે—આવો૦

પ્રતાપ— ૨૨

શું માયા અજબ હરીની, નહિ નિત્ય નભે મોટાઇ,
નથી ખબર એક ઘડીની, નર પામર રહે પસ્તાઇ—
કાળે ચોપટ બાજી બીછાવી,
માંડી જીવ સોગટીઓ લાવી,
દે દુઃખ સુખ પાસે ખેલાવી,
નરવાનર ખાલી ભટકી, મરે હું પદમાં મરડાઈ—શું૦

અમર— ૨૩

મા ભુખ થકી હા હાય નથી રહેવાતું,
આ દુઃખ હવે તો નથી સહેવાતું;
માડી તું જોને પેટ માંહી કંઈ થાયે,
અંધારા આંખે વળે બાપુ ન ભળાયે—મા૦
કેમ બાપુ બોલવું, બંધ કરીને બેઠા,
મા ચક્કર આવે પડયાં એ હેઠાં—મા૦

પ્રતાપ— ૨૪

મરે ભુખ્યે ભાવે મૃગપતિ કદિ ના તૃણ ચરે,
તપે તાપે તોયે સુખડ ન સુગંધી પરહરે;
પ્રતાપી રાણાજી વિપત સહી ના ધર્મ વિસરે,
સદા તેથી તારી દુશમન મુખે કીર્તિ ઉચરે—મરે૦
નથી કોઈની લક્ષ્મી મરણ વખતે સાથ મળતી,
નથી વાડી લાડી મરણ સમયે સાથ કરતી;
રહે રાણા નિત્ય મરણ પછીથી એક કીર્તિ,
પ્રતાપી તે તો તું પુરણ કરતા પાય પડતી—મરે૦

૨૫

રે નશીબ તું અજબ ને ગજબ કરે કામ;
તને સો સોવાર સલામ—રે૦
કરે રંગ પળે વળી રાય ક્ષણે-મરતા મુકી દામ તમામ- રે૦
વ્હા વ્હા વ્હા વ્હા, થઈ લીલા લ્હેર અપાર,
સમતાજ ફળી, સંપતી મળી;
રીઝયા જગના સરદાર—રે૦

અમર— ૨૬

માર ભલે માર લે ભસે શું વાર વાર,
અરે ઓ ગંમાર બાપડા કંગાળ પ્રભુ તારનાર;
મેરૂ મહીધર નહીં ડગે ડગે નહીં શુરા નમે કોઈ કાળે

ફરીદ—ચુપ૦—માર૦—

જમાલ— ૨૭

તગદીર ખુલા તસવીર નજર આતીહે,
માશુક તુહી બુલબુલ મુજે ભાતી હે-
તેરે ગાલ ગુલાબી નેન અજબ કાતી હે;
તેરી પતલી કમર જેસી કમાન મીલ જાતીહે.
હુસ્નોપે તેરે મેં ભવર કમર બલીહારા
તેરી નાજુક અદાને મુજે જાનસે મારા—તગદીર૦
તેરી આંખ ચમકતી રાતદીન દો તારા,
તેને મારા ચશ્મ સમશેર ખેંચ દો ધારા—તગદીર૦

જમાલ— ૨૮

જારે નાકારે ભઠીઆરે જુતી આગે ધરને વાલે;
જારે રોટીકે પકાને વાલે, સુક્કા ટુકડા ખાને વાલે;
હુક્કા તાજા કરને વાલે, ઓરતકુ સમજાનેવાલે-

જમાલ-મ્હેનત દેખો હમને કીયા મીયાં મ્હોબત ન્હાતાહય

કમાલ-શાહજાદાકા ખાના કયઉંજી ભઠીઆરા પા જાતાહે-

દરજી—તમને અંબામાના સમ, જો જો કરતા ભડમ,
તુરક તુરત બુધિં તં, જો જો મુકકી મારો ધં—જારે૦

જમાલ—ક્યા હમ તુમસે હે કયઉં કમ

કમાલ—આજા આગે એક કદમ

દરજી—હાં હાં મીયાં ? હાં હાં કજીઆ તુમકા મેં નીકાલું.

દરજી— ૨૯

આવજો મીયાં સાહેબ છે સલામ;
કહાવજો અમારા સરખું કંઇ કામ.

કમાલ-જમાલ-"છોડબે કાને છોડબે કાને" હાં હાં હાં હાં

દરજી—"મીયાં દેખો મ્હોબતનાં છે આવાં રૂડાં કામ,
પારકી બાયડી પડાવીએ તો મ્હોડાં થાએ શ્યામ"
હાં હાં હાં હાં હાં હાં............આ૦
બાપુડી પાછી આવ્યેથી હૃદય થયું રળીઆત,

ક૦ જ૦-"કાના કાકા સુનીયે સુનીયે એક જરાસી બાત"

દરજી—એ ચુપ એ ચુપ-ચાલ મારી વ્હાલી ચાલ-

**સલીમ-અશ્રુ—** 30

આવો આવો ચતુર સુજાણ ધીરે ધીરે—
આવીજી (૪) કરતાતા શું દીલોજાન-શાહજાદા—
શાહજાદો પણ ગૌરવદનનો ગોરી થયો છું ગુલામ;
પ્રેમ રાજ્યમાં પદવી પ્રિયા નહિ;
અરે ગુણીયલ હું તારી ગુલામ-હાથ બીજે હરામ,
હું સલુણી તું શ્યામ-આવો૦

**સલીમ અશ્રુ—** 31

ક્યાં ખસીયા રસીયા મન વસીયા મારા રંગીલા,
"આ શું કરે છે?—ના નહિ જાવા દઉં"
"શીદ ઘેલી મન ગભરાએરે—તમે જાતા ના"
"જાઉં છું પણ જીવ અહિં છે"
જીવ વિણ કાયા તે જાયરે—મને ઠગતા ના
બોલે બાંધી લ્યો બાળારે—અરે વાહ અરે વાહ.
"મારી રંગીલી—જાઓ કોઈ બીજી ઉંધું સમજી"
મારૂં નામ કદી તમે દેતા ના—
"રસીલી આમ રીસાઇએ"
ત્યારે શું વિરહે રીબાઈએ"
એક પળ તે વિરહમાં
પળ તો કહેવાની, આપો જો કોલ,
"જો એક ઘડીમાં ના આવું તો લે આ કોલ"
વાલમજી વ્હેલા વળજોરે-તમે વ્હીતા ના-

અશ્રુ— ૩૨

મારા હૈયા કેરા હાર નજર ક્યાં આવશેરે,
મારા નાજુક શુકની ભાળ અરે કોઇ લાવશેરે.
લલિત વચનની લ્હે એક લાગી સુંદર વરણુથી પ્રિતિ જાગી,
ચતુરસુજાણુથી મેળવી વિયોગ વળાવશેરે—મારા.
માગ્યાં મુકતાફળ પણ આપીશ દેવ ગણી દીલ પિંજર સ્થાપીશ;
કનક કાયનું પિંજર કરશું, હાવભાવ રત્નેથી જડશું;
પોપટ પગલાં પલક કરો રસ ભાવશેરે—મારા.

મલીના— ૩૩

સંભારૂં પ્રીય મુરતી જ્યાં હૃદયમાં જ્વાળા ઉઠે લાગલી,
અશ્રુનું વળી ચિત્ત ચિત્ર નિરખી આજે છળી ડાગળી.
ખોળું પ્રેમ પ્રવાહ શાન્તિ કરવા હું પ્રેમની માછલી,
પૃથુરાજ—આવો પ્રેમપ્રવાહ પ્યારી મલીના તારી કને ઉછળી.
મલીના—આવો આવો મારા રસીલા સુજાણ
પ્યારી હું છું તમારી.
પૃથુરાજ—વાહ વા પ્રેમ ક્યારી—
મલીના—પ્રેમ વ્રક્ષ પ્રીતમજી પુઠે હું ફરતી છું ક્યારી,
પૃથિરાજ—કોમળ ક્યારી છે આધારે પીતાં પ્રીતિવારી;
મલીના—રંગીલા રસઘેલા.
પૃથિરાજ—રસવેલી-તું રસીલી આવો૦

મલિના— ૩૪

મિઠ્ઠી પ્રીતીની પ્યાલી હાથમાં ઝાલી, બાથમાં ઘાલી નાથને પાવારે.

પ્રીત બજારે પ્રેમદા ઉભી સોદા કાજ,
સોદાગર શાણા વિના લેવાની છે લાજ;
શાખબંધી શોધી ખરે ઠોકારૂં હાથ,
એલ સમા બબુચક તણો સ્વપ્ને ન હોજો સંગાથ. મિઠ્ઠી.

**મલીના**— ૩૫

વ્હાલા વાત કરો છો શીદ વરણીરે;

**પૃથિરાજ**—વાહ ચતુરા ચંપક વરણીરે;

ચાતુર સુણવા શાણી વાણી

**મલીના**—પ્રાણધાર સુંદર મનહર

**પૃથિરાજ**—તાલાવેલી લાગી સુણતા મધુર વચનની મુરલી,

**મલીના**—પ્રીત ગાંઠ ગંઠાઈ પરસપર પ્રીતમ

**પૃથિરાજ**—પ્યારી—હાં

**અમર**— ૩૬

કરે અભિમાન જે હેવાન ધરી ગુમાન
સહી અપમાન તે નાદાન ખમે નુકશાન—કરે.
મળ્યું બહુ ધન રૂપાળુ બદન કે વિદ્યા પ્રસન્ન,
કર્યો પરમાર્થ તો તો જાણ મળ્યું એ પ્રમાણ
મધુ સંચય કરી મરી રહ્યો મદમાં ભમર અજાણ,
ના દીધું ના ભોગવ્યું નાહક ખોયો પ્રાણ. કરે.
દીધું હાથે રહે સાથે તે સાચું સમજ,
મળ્યો જમરાય તો તો હાય પત્યું અભિમાન—કરે.
ગાજ્યું વાદળ જળ ભર્યું, વરસ્યું ન કોઈની ભુખ;
પવન ઝપાટે ઉડયું, ભાગી ન કોઇની ભુખ. કરે.

અમર-શુકતસિંહ— ૩૭

સ્હાય થાય કિરતાર નિરાધારને,
પાપી પ્રાણી ભલે ભુલતા આભારને.
પરોપકારી અવતાર કિરતારના,
કાકા આપ ગુણની કરૂં ગણના.
જોગી વેશ ધરી બાપુ તું ઝટ જા
ધન્ય ધન્ય ધીરવીર તુંજ દ્રઢતા
મુરખ મુઝાઈ મરે નેકી ટેકી થકી ટળે
ઉતાવળે આંબા ફળે-સમતાએ સર્વ મળે—
પુણ્ય રત્ન ને પાપ કાંકરા પુણ્યઆમ્ર ને પાપ આકડા
રત્ન દઈ લે કાચ રાંકડા-આમ્ર છેદી મુંઢ વાવે આકડા
કાકા ઘણી મ્હેર કરી—બેટા જા.........................

## અંક ત્રીજો.

અશ્રુ— ૩૮

હું તો ભુલી ચાલી શુદ્ધને શાનરે—પ્રાણ આવો
પ્રીય પ્રાણ દો જીવત દાનરે—પ્રાણ૦
દર્શન દઈ દિલહર તમે, બનાવી છે બેહાલ,
પત રાખો પ્રિયતમ તમે લલિત મનોહર લાલ;
સુતાં ઉઠતાં બેસતાં ભાળું સુંદર શ્યામ,
રાત દિવસ હૃદયે રમે રસીયા કોટી કામ;
ગુણના નિધાન પ્રીતિ પકવાન, ધરૂં ચિત ધ્યાનરે—

સલીમ અને અશ્રુ— ૩૯

સુંદરી સફળ કીધો આજે આ સંસાર,
પામ્યો પદમણી પ્યાર સાગરનો પાર.
નાથજી નાવ તમે તારૂણીને તારનાર,
શાણી રાણી તમે સુકાન ચલાવનાર;
વ્હારે વાહ! વ્હારે વાહ—
કામિની કીધી કીરતારે કર આપવા,
કાજ રાજ શિરતાજ કરી સ્થાપવા;
દાસ હું તો દિલદાર—વ્હારે૦—
જાણીયે જરૂર જગ જયજયકાર

કાણીઓ— ૪૦

ઓ મારી રંગીલી દરજણ, છબીલી દરજણ, દરજણ
ગુલાબનો ગોટોરે તારો જગમાં જડે ના જોટો—
ખવરાવું પીવરાવું હાથમાં નચાવું—વાળે તું રખે ગડબડગોટો
લાહી લુહીને પરણ્યો પરાણે, મનથી હું માતબર મોટો

દરજણ—એ મારે તો જોઈશે શીરો પુરીને સાથે સાત વાના હંઅં.

કાણીઓ—અરે અહિં તો મળશે રોટલો ને ડુંગળી શીરો પુરી તો નાણાનાં ટાણાં હંઅં.

દરજણ— ૪૧

ચાલ ચાલરે મારા રંગ રસિયા,
ઉભા વેચું એવા હો કાણીયા—ચાલ૦

ગંધાતી ગોળીનાં પાણી કોણુ પીએ,
હું તો ચંબુની પીનારીરે—ચાલ.
એની ગાભાની ગોદડીમાં કોણુ સુશે,
હું તો પલંગની સુનારીરે—ચાલ.
હવે રોટલો ને ડુંગળી ભુત ખાએ,
હું તો હલવા જલેબી જમનારી—ચાલ.
મારૂં મન મોહ્યું રે મીયાં કમાલથી,

**કમાલ**—ચલીયે બીબી ચલીયે બીબી

**દરજાણુ**—ચલીયે.......ચાલ૦

**મલીના**— ૪૨

અંધારૂ સઘળે દીસે જગતમાં અંધારૂં આ અંતરે,
દીવો લઈ ફરૂં ખોળતી હૃદયનો દીવો પૃથિરાજ જે
આ વાયુ મુજ હાથના દીપકને બુઝાવી ચાલ્યો જતો,
રે ચિત્તે ચમકી રહેલ દીવડા જોજે રખે રખે ગુલ થતો—

**મલીના**— ૪૩

ક્યાં ચાલ્યા પ્યારા મારા,
ઓ પ્યારા શું ન્યારા થવાના આવ્યા વારા—ક્યાં૦
મટી અમારી તમે શું ઠગારા થશોજી ધુતારા—ક્યાં૦
કોઇના સુભાગ્ય જાગ્યા, મારા તો ભોગ લાગ્યા;
પ્રીતમ પ્રસંગે પ્યારા, અત્યારે, નકારા નઠારા—ક્યાં૦
ભમરો ભોગી ભટકતો કળી કળી અથડાય

**પૃથુ**—લલિત લલિત લ્હેજત લઈ લ્હેરી લાલ લલચાય,
મારૂં તે સારૂં માને મુરખજન, સારૂં પોતાને છે સમજે

પંડીત જન પ્યારા૦—

મલીના—કાંટો માંગે પ્રેમનો પછી બહુ પસ્તાય,
મૃથુ—સુખ માટે દુઃખ વેઠવાં એતો ચોખ્ખો ન્યાય.
મોહન નિહાળીએ મિઠ્ઠી નજરથી,
ચ્હાતાને ચ્હાઇએ સાચા જીગરથી—પ્યારા૦

અશ્રુ— ૪૪
પ્રીતમ એ શું તજાએ, પ્રીત પ્યાલો પરહરીએ

શુક્ત—ચુપ કમજાત.

અશ્રુ—.........................એહેં હેં—પ્રીત૦
કરીને કરીને કરશો શું? શું?

શુક્ત—સીંહણુથી શ્વાનમો સંબંધ તે શું?

અશ્રુ—કાગને કંહેથી વાઘ કાગ થાય શું?
પ્રીત રીત છે ન્યારી.

શુક્ત.....................!બસ કર રે લવારી;

અશ્રુ—લગાડી લવારે ખીર ખાંડ તે તજાય—પ્રી૦

સલીમ— ૪૫
ચાલરે રસીલી છબીલી રંગીલી લગન વેળા વહી જાય,
આવને બ્હેલી બ્હેલી અલબેલી મગન મગન મન થાય;
કોમળ કરને ગ્રહણ કરણ મધુરી મન લલચાય—ચાલ૦
રંગનું સુરંગ સુણ્યો સુગંધી કસ્તુરી માંહ્ય;
સુરંગી સોને નહિ સુગંધ જગતમાં જણાય—ચાલ.
આજ કસ્તુરી સુરંગી સોનું સુગંધી થાય;
મંગળ ગીત પ્રીત રીત સકળ ગોરી ગાય—ચાલ.

**સલીમ—** ૪૬

દીઠી પરી નજર જે દિનથી તને મેં
હૈયું હર્યું હરણી તે દીનથી ખરે તેં;
આ પ્રેમ હંસ ચરવા નીકળી પ્રભાતે,
શૃંગાર મોતી ચરશે ચતુરા નિરાંતે.

**સલીમ—** ૪૭

બસ બસ મારૂં મારૂં હું બન્નેને ઠાર ઠાર,
પાપીને ખોંચાડું પળમાંહી જમદ્વાર,

**ફરીદ**—કહેવાની વાત, થાયે છે ઘાટ, મારા સાહેબ મારા સાહેબ
નાજનીના ચપળ નયન તરત કરત શીતળ શીતળ
હો હો હાહા મટીને, એહહેં એહેહેહે
રંડાના ફંદામાં સઉ ફસનાર.

**સલીમ**—ફરીદ હું સલીમ જુદો સરદાર—બસ૦

**અશ્રુ—** ૪૮

સલીમ શાહજાદા નથી હું ગુન્હેગાર,
સદા પ્રભુ સમાન આપને પુજનાર.

**સલીમ**—બસ બસ કર રંડા આ પ્રપંચી જીભ તારી બંધ
જાણ્યો શું મને પાપણી તેં મુરખ પ્રેમાન્ધ,

**અશ્રુ**—કહો શી પડી મારી કસુર સરકાર—સલીમ.
ગુરૂ તમે પઢાવ્યો પ્યાર પાઠ,
હજુ ન જાણું અવર વાટ ઘાટ.

**સલીમ**—ભગવતનું હવે કરી લે તું છેવટે ભજન,